મહત્તમ : ૩૨.૪ ડીગ્રી
લઘુતમ : ૨૧.૫ ડીગ્રી
ભેજ
સવારે ૮૬ ટકા ● સાંજે ૮૫ ટકા

ગાંધીનગર તાપમાન

શહેર અયોધ્યા ચુકાદાને ફુલડે વધાવે છે

ઐતિહાસિક રામ મંદિરના વિવાદના અંતથી શહેરભરમાં હાશકારો : સૌના દિલમાં આનંદ-ઉલ્લાસ : શહેરના વિવિધ ક્ષેત્રના આગેવાનોએ ચુકાદાને અંતરના ઉમળકાથી વધાવ્યો

● ૫૫૦ વર્ષોથી જે ન્યાયની પ્રતિક્ષા હતી તે ન્યાય

૨૦૧૯માં રામ લલ્લાને મળ્યો તેનો મને ખૂબ આનંદ છે. ૧૯૪૭માં ભારત સ્વતંત્ર થયું તેમ શ્રી રામ અને તેમના ભકતોને આજે સ્વતંત્રતા મળી તેવું હું માનું છું. આ મુદ્દાને લાગતા વળગતા દરેક નાગરિકોએ ન્યાયના પક્ષમાં શાંતિ અને સદભાવ રાખવો એવી મારી અપીલ છે.

- ફૂલશંકર શાસ્ત્રી, ધર્માધ્યક્ષ

● આ સદીનો સૌથી મોટો ચુકાદો છે જે આવકારદાયક છે.

સુપ્રિમ કોર્ટે ચુકાદો આપતા પહેલા જે કારણો આપ્યા છે તે નોંધનીય છે. વર્ષોથી રહેલા બર્નિંગ ઈશ્યુનું સરકારે નિવારણ લાવ્યું છે.

- પિનાકીન રાવલ, પ્રમુખ બ્રહ્મસમાજ-ગાંધીનગર

● અયોધ્યાના મામલે

સુપ્રિમ કોર્ટના નિર્ણયનું સન્માન કરીએ છીએ. વિવિધ જાતિ, ધર્મ, પ્રાંત, ભાષા વિવિધતામાં એકતાના પાયાના સિધ્ધાંતો પરનો આપણો દેશ વિશ્વના સૌથી મોટા લોકતંત્ર તરીકે ગૌરવ અનુભવે છે. ત્યારે તમામ સંબંધિત પક્ષો, સમાજ અને સમુદાયને વિનંતી છે કે ભારતના સંવિધાનમાં સ્થાપિત સર્વ ધર્મ સમભાવ તથા ભાઈચારાના ઉચ્ચ મૂલ્યોને આપણે નિભાવીએ. એક સાચા ભારતીય તરીકે આપણા સૌની જવાબદારી બને છે કે, પૂજય મહાત્મા ગાંધીના સત્ય, અહિંસા, પ્રેમ, ભાઈચારાના મૂલ્યોને અનુસરીએ અને સદીઓ જૂની પરંપરા સન્માન અને એકતાની સંસ્કૃતિ અને પરંપરાને જીવંત રાખી સદભાવ-શાંતિનું વાતાવરણ બનાવી રાખીએ.

- નિશિત વ્યાસ, મહામંત્રી, ગુજરાત પ્રદેશ

● ચુકાદો સર્વમાન્ય જ

છે. કોઈની હાર કે જીત નથી. સુપ્રિમ કોર્ટના ચુકાદાનું સન્માન અને પાલન કરવાની સાથે શાંતિ અને સદભાવના રહે તેવી મારી અપીલ છે.

- મહેન્દ્ર દાસ, પ્રમુખ મહાનગર ભાજપ

● સર્વોચ્ચ ન્યાયાલયે

લીધેલો આ ચુકાદો કોઈની માટે હાર કે જીતનો ન હોવો જોઈએ. રામ ભકિત અને રહીમ ભકિત પોતપોતાના સ્થાને સત્ય ધરાવે છે. દરેક દેશના નાગરિકનો આ ધર્મ છે કે આ રાષ્ટ્રભકિતમાં તરબોળ અને તલ્લીન રહે. આજે દેશવાસીઓમાં હર્ષ અને ખુશી વ્યાપી છે એનું કારણ દેશનુ બંધારણ અને ન્યાયાધીશનું નેતૃત્વ છે.

- નિસર્ગ મહેતા

● બંને પક્ષને તેમજ તમામને સંપૂર્ણ તક આપવામાં આવી છે. તમામ નાગરિકો તથા

પક્ષે હતા તે પુરાવા રજુ કર્યા છે. પાંચ વિદ્વાન જજ દ્વારા સંપૂર્ણ વિશ્લેષણ કર્યા બાદ જ ચુકાદો અપાયો છે તે ઐતિહાસિક અને ન્યાયોચિત હોઈને તમામ પક્ષ તેમજ તમામ નાગરિકને શિરોમાન્ય રહેવો જ જોઈએ. આમ, કોર્ટ દ્વારા બંને પક્ષને ન્યાય અપાયો છે તથા જમીન આપવા હુકમ કરાયો છે. વર્ષો બાદ હિંમતપૂર્વક આપવામાં આવેલ આ ચુકાદો મારા મતે આવકારદાયક છે. તમામની શ્રધ્ધાનો વિષય છે.

- દત્તા વંકાણી

● સત્યનો વિજય, ઘીના

ઠામમાં ઘી, વર્ષો પહેલા જયાં મંદિર હતું તે વિવાદીત સ્થળે રામ મંદિરનું જ નિર્માણ થશે તે આવકાર્ય છે. અને મુસલમાનોને પણ અલગથી પાંચ એકર જમીન આપી એ નિષ્પક્ષતાનો પુરાવો સાબિત થાય છે.

- વ્યોમ અમીન

● બંને પક્ષ માટે આવેલો ચુકાદો આવકારનીય છે. સુપ્રિમ

કોર્ટ દ્વારા આપવામાં આવેલા ચુકાદાને આવકારું છું.

- મેહુલ ભોજક

● રામ વિવાદીત જમીનનો ઉપયોગ એવા લોકો માટે થવો જોઈએ જેમને ખરેખર

જમીનની જરૂર છે. ભગવાન રામ અને અલ્લાહ આપણા હૃદયમાં વસે છે. એમને મંદિર કે મસ્જિદની જરૂર નથી જો આ જમીન જરૂરિયાતમંદ માટે વપરાય તો ભગવાન ખુશ થશે.

- પ્રિયા ધમસાણીયા

● રામ ભગવાનના જન્મભૂમિ વિષય પર સર્વાનુમતે નિર્ણય લેવા બદલ સુપ્રિમ કોર્ટને

હાર્દિક અભિનંદન. આજે દાયકાઓથી ચાલતો આ મુદ્દો ઉકેલાઈ ગયો છે. આપણા બધા દેશવાસીઓએ આ નિર્ણય આવકારવો જોઈએ. આપણા લાંબા સમયથી ચાલતા સંત સમાજ અને વિવિધ સંસ્થાઓ અને કરોડો ભકતોના પ્રયત્નો આજે સફળ રહ્યા છે. આપણી જવાબદારી વધી ગઈ છે. દેશમાં સદભાવ અને પ્રેમ રાખવાનો અને રામરાજયના વિઝન મુજબ સુશાસન જાળવવાનો પ્રયાસ થવો જોઈએ.

- મિત્તરાજસિંહ જાડેજા

● સુપ્રિમ કોર્ટનો ઐતિહાસિક ચુકાદો કોઈ વ્યકિત કે ધર્મ વિશેષ માટે નથી પરંતુ નિષ્પક્ષ છે. ચુકાદો કોઈની હાર કે

જીત નથી એક તટસ્થ નિર્ણય છે.

- રાકેશ જેસવાની

● વર્ષોથી વિવાદિત રામ જન્મભૂમિ પર આજે માનનીય સુપ્રિમ કોર્ટનો ચુકાદો એ બંને પક્ષની લાગણી અને શ્રધ્ધાને

ધ્યાનમાં રાખીને લેવાયો છે. બંને ધર્મને આ નિર્ણયથી ન્યાય મળ્યો છે હું આ નિર્ણયને સ્વીકારું છું.

- અમૃતા દવે

● રામ મંદિર ચુકાદા માટે આજે આખો દેશ રાહ જોઈ રહ્યો હતો. આપણા દેશના ન્યાયતંત્ર એ તટસ્થ રહીને બંને પક્ષે ન્યાય થાય તે રીતે ધર્મ નિરપેક્ષ ચુકાદો જાહેર કર્યો તેના માટે મને સુપ્રિમ કોર્ટ અને દેશના ન્યાયતંત્ર પર ગર્વ છે.

- કર્ણવ દવે

● આ એક ઐતિહાસિક નિર્ણય છે. જેની રાહ વર્ષો સુધી દેશે જોઈ છે. સુપ્રિમ કોર્ટ એ દરેકના હિતમાં નિર્ણય લીધો

છે. જેને બંને પક્ષે ખુશીથ સ્વિકાર્યો છે.

- યશસ્વીકુમાર પટેલ

● દેશની સુપ્રિમ કોર્ટે અયોધ્યાને લઈને પોતાનો નિષ્પક્ષ નિર્ણય જણાવ્યો છે તે હાર-જીતના રૂપમાં ન જોવો જોઈએ. બધા પક્ષને પોત પોતાની દલીલ રાખવાનો પૂરતો સમય આપવામાં આવ્યો હતો

અને ન્યાયના મંદિરે આ મામલો નિષ્પક્ષ રીતે આપ્યો. આ દેશના નાગરિક તરીકે હું સુપ્રિમ કોર્ટના નિર્ણયને આવકારું છું. જય હિંદ-જય ભારત.

- કેવલ ઠક્કર

● આ ચુકાદાથી કોઈની હાર જીત નહિ પરંતુ ભારતની જીત થઈ છે. વર્ષોથી ગુંચવાયેલો આ કેસ હવે પુરો થશે અને દેશ આગળ વધશે. દેશમાં આ જ રીતે ભાઈચારો બનતો રહેશે.

તેરા હુસ્ન અલ્લાહ અલ્લાહ

તેરા રૂપ રામ રામ
તુ હૈ અવધ કી સુબહ
ઔર
કાશી કી શામ
ભારત માતા તુજે સલામ

- અલ્કાબેન પટેલ

● આ એક ઐતિહાસિક દિવસ છે કારણ કે આ કોઈ એક ધર્મની જીત કે અન્ય ધર્મની હાર નથી. અયોધ્યામાં બનનાર

મંદિર આખા ભારતનું પ્રતિનિધિત્વ કરશે અને સર્વધર્મ સમભાવનો સંદેશો આપશે.

- મૈત્રેય પંડયા

● ભારતના ઈતિહાસની આ સુવર્ણ ઘડી છે કે આ પ્રશ્ન ઉકેલાયો છે. ભારતના તમામ નાગરિકો આ ચુકાદાને આવકારે છે. આવી જ રીતે ભાઈચારાની

ભાવના તથા કાયદા દ્વારા વચલા રસ્તા અપનાવીને જ ભારતને એક ભારત શ્રેષ્ઠ ભારત સાકાર કરી શકાશે.

- ગિરીશ પટેલ

મુવી હાઉસ

પી.વી.આર, સિનેમેકસ, સે-૧૧

હાઉસફુલ-૪
૧.૧૦, ૭.૦૦
બાલા
૮.૫૦, ૧૦.૪૦, ૧૧.૪૦, ૧.૩૦, ૨.૩૦, ૪.૨૦, ૫.૨૦, ૮.૧૦, ૧૦.૦૦, ૧૧.૦૦
સાંઢ કી આંખ - ૪.૩૦
સેટલાઈટ શંકર
૧.૪૦, ૭.૪૦
બાયપાસ રોડ
૧૦.૪૫, ૧૦.૩૦
હેલ્લારો (ગુજરાતી)
૧૦.૩૦, ૪.૨૦, ૭.૧૦, ૧૦.૧૦

આર વર્લ્ડ, આઈનોકસ, સે-૧૬

બાલા
૯.૦૦, ૧૦.૧૦, ૧૧.૪૦, ૧.૦૦, ૨.૨૫, ૩.૫૦, ૫.૧૦, ૬.૪૦, ૭.૫૫, ૯.૩૦, ૧૦.૪૦
સેટલાઈટ શંકર
૩.૧૫, ૧૦.૪૫
બાયપાસ રોડ
૧૨.૨૦, ૬.૦૫
વોર - ૧૧.૫૫
હાઉસફૂલ-૪
૯.૨૦, ૧૦.૧૫, ૧.૧૫, ૪.૧૫, ૭.૧૫, ૯.૦૦, ૧૦.૧૫
હેલ્લારો (ગુજરાતી)
૯.૩૦, ૩.૦૦, ૫.૩૫, ૮.૧૦

આર વર્લ્ડ, આઈનોકસ, સે-૨૧

બાલા
૯.૦૦, ૧૧.૩૫, ૨.૨૫, ૪.૩૦, ૫.૧૫, ૮.૦૫, ૧૦.૧૫, ૧૦.૫૫
સેટલાઈટ શંકર
૧૨.૪૫, ૫.૦૦
બાયપાસ રોડ
૯.૫૦, ૧.૪૦, ૭.૨૦
મેડ ઈન ચાઈના - ૧૧.૦૦
સાંઢ કી આંખ - ૩.૩૫
હાઉસફૂલ-૪
૧૦.૩૦, ૧.૩૦, ૪.૩૦, ૭.૩૦, ૯.૩૦, ૧૦.૩૦
હેલ્લારો (ગુજરાતી)
૯.૧૫, ૧૧.૫૦, ૨.૨૫, ૭.૫૦, ૧૦.૩૦

આજે ગાંધીનગરમાં

● જય અંબે પરિવાર ટ્રસ્ટ આયોજીત ભકિત મહોત્સવ અંતર્ગત સવારે ૯ વાગ્યે જગદંબા સહસાર્ચન વિશેષ પૂજન, ૨ વાગ્યે મહાયાગની ઉત્તર પૂજાવિધિ, ૪.૨૦ વાગ્યે શ્રીફળ હોમ અને સાંજે ૫ વાગ્યે મહાઆરતી સાથે મહાયાગ પૂર્ણાહુતિ યોજાશે.

શહેર જાગૃત પરિષદની સ્નેહમિલન બેઠકમાં મહત્વના પ્રશ્નો ચર્ચાયા

ગાંધીનગર, તા.૯

ગાંધીનગર શહેર જાગૃત નાગરિક પરિષદનો 'સ્નેહમિલન' કાર્યક્રમ કાર્યકારી પ્રમુખ ભાનુપ્રસાદ પુરાણીના અધ્યક્ષસ્થાને યોજાયો હતો. જેમાં શુભકામના સાથે તન-તંદુરસ્તી જળવાય, રાગ-દ્વેષ ત્યજી શાંતિથી હળી મળીને રહેવાનો સંદેશ પાઠવ્યો હતો. કલેકટરશ્રી, મ્યુનિસિપલ કમિશનરશ્રી તથા સત્તાધીશો સાથે સેવા સેતુ જળવાય તે રીતે પ્રત્યેક માસે સળગતા પ્રશ્નોની ચર્ચા રજુઆત કરવી તેમ ઠરાવ્યું હતું.

બેઠકમાં ચર્ચા વિચારણા કરવામાં આવી હતી જેમાં ઘણી બધી સંસ્થાઓ સેવામાં કાર્યરત છે તેનું ફેડરેશન બનાવવું, કલેકટરશ્રી, કમિશનરશ્રીની રૂબરૂ મુલાકાત સમયે સંબંધિત ખાતાના અધિકારીશ્રીઓને હાજર રહેવા જણાવ્યું હતું.

ચોમાસુ લંબાયેલ હોવાથી ખાડાઓ પડી ગયા છે. મચ્છરોનો ઉપદ્રવ વધેલ છે તો આરોગ્ય ખાતાને જરુરી કાર્યવાહી કરવા રજુઆત કરાશે. બેંકોમાં થાપણનું વીમા કવચ છે. જેની મર્યાદા ૧ લાખની છે જેમાં વધારો કરવા રજુઆત કરવા જણાવાયું હતું.

બેઠકમાં ભાનુપ્રસાદ પુરાણી, એચ.બી. વરીયા, રવિન્દ્રભાઈ દવે, રમણીકભાઈ વ્યાસ, કાન્તિભાઈ વ્યાસ, સુમંતભાઈ શાહ, નિરંજનભાઈ ઓઝા, જીવણલાલ પરમાર, જીતેન્દ્રભાઈ ત્રિવેદી, હસમુખભાઈ ઠાકર, ગુણવંતભાઈ ગોહેલ, દશરથભાઈ પરમારે ઉપસ્થિત રહી મહત્વના સુચનો કર્યા હતા તેમ મહામંત્રી નિરંજન ઓઝાએ ઝણાવ્યું છે. શાંતિ પ્રાર્થના બાદ ગળ્યું મોઢું કરીને બેઠકનું સમાપન કરવામાં આવ્યું હતું.

જલારામ મહિલા મંડળની બહેનો દ્વારા તુલસી વિવાહ નિમિત્તે બે શ્રમજીવી દિકરીઓને લગ્ન નિમિત્તે કિરયાવર ભેટમાં અપાયો હતો.

ગાંધીનગર શહેરમાં પ્રકૃતિએ ખુલ્લા હાથે સૌંદર્ય વેર્યું છે. વિવિધ બાગ-બગીચાઓ અને પ્રાકૃતિક સ્થળોએ શહેરને જંગલ સમુ રૂપ આપ્યું છે. ગાંધીનગરવાસીઓ અને આસપાસના વિસ્તારના મુલાકાતીઓ આ સ્થળોની મુલાકાત લઈ આનંદ અનુભવે છે. જો કે આ મુલાકાતીઓ અહીં કચરો ખૂબ ફેંકે છે. માનવ સાધના ગાંધી આશ્રમના ભાઈ-બહેનોએ ઈન્દ્રોડા પ્રકૃતિ ઉદ્યાનના ડીએફઓ શ્રી મહેતા, શ્રી ચૌધરી તથા વનપાલ તુષાર દવેના માર્ગદર્શન હેઠળ પ્રવાસીઓમાં લોકપ્રિય એવા ઈન્દ્રોડા પાર્ક અને ધોળાકુવા વિસ્તારમાંથી પ્લાસ્ટીકનો કચરો એકત્ર કર્યો હતો.

આજે શહેરની દિકરી એષાનું આરંગેત્રમ્ યોજાશે

ગાંધીનગર, તા.૯

કલા એ સમાજનું પ્રતિબિંબ છે. સમાજના પરિવર્તન સાથે કલા સ્વરૂપ પણ બદલાય છે. ભારતની સંસ્કૃતિને જીવંત રાખતી આરંગેત્રમની સાત વર્ષની કઠોર સાધના બાદ કુમારી એષાએ પૂર્ણતા પ્રાપ્ત કરી છે. નગરની આર.જી. પટેલ કન્યા વિદ્યાલયમાં અભ્યાસ કરતી કુમારી એષાનું આરંગેત્રમ આજે બપોરે ૨.૩૦ વાગ્યે સે-૨૩ સ્થિત વિશ્રામ હોલ ખાતે યોજાશે. કાર્યક્રમમાં મુખ્ય મહેમાન તરીકે શહેરના મેયર રીટાબેન પટેલ અને સર્વ વિદ્યાલય કેળવણી મંડળના ચેરમેન વલ્લભભાઈ પટેલ હાજર રહેશે.

હાલીસા ગામે મોબાઈલની દુકાનમાં ચોરી કરનાર ઈસમને એલસીબીએ પકડી પાડયો

ગાંધીનગર, તા.૯

ગાંધીનગર જિલ્લાના દહેગામ તાલુકાના હાલીસા ગામે મોબાઈલની દુકાનનું તાળુ તોડી ચોરી કરનાર શખ્સને પોલીસે પકડી પાડયો છે.ચોરીના બે મોબાઈલ સાથે થોડા સમય પહેલા એલસીબીએ બે શખ્સોને પકડી પાડયા હતા. ત્યારે આ બે શખ્સોને મોબાઈલ વેચનાર અને ચોરીનો વોન્ટેડ આરોપી પણ હવે પકડાયો છે. એલસીબી પી.આઈ. જે.જી. વાઘેલાના માર્ગદર્શન હેઠળ પી.એસ.આઈ. વી.કે. રાઠોડ હે.કો. રણજીતસિંહ, કોન્સ્ટેબલ જીગ્નેશકુમાર દહેગામ વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા. આ સમયે હાલીસા ગામે થયેલી ચોરીના આરોપી અંગે બાતમી મળી હતી. જેને પગલે દહેગામ-હરસોલી ચોકડી નજીકથી વોન્ટેડ આરોપી યુનુસ ઈલીયાઝખાન સીંધીને (ઉ.વ. ૨૮)ને પકડી પાડયો હતો. પોલીસની પુછપરછમાં આરોપીએ કબુલાત કરી હતી કે અઢી માસ પહેલા હાલીસા ગામે મોબાઈલ દુકાનનું શટર તોડી ચાર મોબાઈલ અને રોકડ રકમ ચોરી કરી હતી. બે મોબાઈલ તેણે મિત્રોને આપ્યા હતા તેઓ પકડાઈ જતા ચોરી પાછળ યુનુસ માસ્ટર માઈન્ડ હોવાનું સામે આવ્યું હતું. આરોપીની પુછતાછમાં થોડા સમય પહેલા મોડાસા શહેમારંથી એક બહેનના ગાળામાંથી સોનાના દોરાની ચીલ ઝડપ કરી હતી. આ સોનાનો દોરો તેણે પત્ની અને બહેનની મદદ લઈ વેચી દીધો હતો ત્યારે એલસીબી પોલીસે આરોપીની ધરપકડ કરી વધુ તપાસ હાથ ધરી છે.

સેકટર-૬માં ઈલેકટ્રીક થાંભલાની એલઈડી ખૂબ જોખમી રીતે લટકી રહી છે. ધારાસભ્યોના નિવાસસ્થાનો સામે જ આવી પરિસ્થિતિ સ્વીકાર્ય ન હોવી જોઈએ.

દાવત રેસ્ટોરન્ટના કર્મચારીના મોબાઈલની ઉઠાંતરી

ગાંધીનગર, તા.૯

ગાંધીનગર શહેરના ન્યુ કુડાસણ વિસ્તારમાં આવેલી દાવત રેસ્ટોરન્ટના કર્મચારીના મોબાઈલની ચોરી થવા પામી છે. રાહુલ કાંતિલાલ રાઓત (મૂળ રહે. રાજસ્થાન)ની ફરિયાદ મુજબ તે દાવત રેસ્ટોરન્ટ ખાતે છેલ્લા દોઢ વર્ષથી વેઈટર તરીકે ફરજ બજાવે છે. રાહુલ તા. ૭ના રોજ રાત્રીના ૧૧ કલાકે પોતાના સાથી કર્મચારી પંકજ અને રાજુ સુઈ રહ્યા હતા તે સમયે રાહુલ પણ પોતે ઓશીકાની બાજુમાં રેડમી ફોન કિં. ૪૦૦૦ નો મુકીને સુઈ ગયો હતો. સવારે નિત્યકમ મુજબ રાહુલે ઉઠીને જોયું તો પોતાની પાસે રહેલો ફોન ન હતો. રાત્રીના મમયે કોઈ ચોર ઈસમ તેના ઓશીકા પાસેથી મોબાઈલ ફોનની ઉઠાંતરી કરી ગયો હતો. બનાવ અંગે પોલીસ ફરિયાદ નોંધાવતા પોલીસે તપાસ શરુ કરી છે.

ચિરવિદાય

● સ્વ. કેતન વસંતલાલ પટેલ, ઉ.વ. ૫૭
● સ્વ. સોમાજી સવાજી વણઝારા, ઉ.વ. ૪૯